# ગાંધીનગરની નારી શક્તિના વિચારોનો અજવાસ

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૨ની થીમ ‘જેન્ડર ઈક્વાલિટી ટૂડે ફોર સસ્ટેનેબલ ટુમોરો’

## શહેરની મહિલાઓને સમાજ પાસે સુરક્ષા, સાથ-સહકાર, સમભાવનાની અપેક્ષાઓ

### ગાંધીનગર મને ગમે છે...

પાટનગર છે તું સંસ્કૃતિસભર
છે તુ,
સ્વરસભર છે તું, સૂરજનાં
કિરણો સભર છે તુ
- વૃંદા વ્યાસ “ભાનઘેલી”

સાન સ્વરથી રચાયેલું સંગીત અને એ જ સાત સ્વરમાં છુપાયેલું ગાંધીનગર

તા. ૧-૭-૧૯૮૫નાં રોજ ગાંધીનગર સચિવાલયમાં નિમણૂંક થઈ, ત્યારથી અત્યાર સુધીના ૩૭ વર્ષનો જે વસવાટ કર્યો છે એ ઘણો જ સુખરૂપે, પ્રગતિસભર, સપનાંઓથી ભરપૂર અને સંસ્કૃતિથી સભર રહ્યો છે.

ગાંધીનગરની રચના એ ભાતીગળ વિવિધ સંસ્કૃતિઓની પારદર્શકતા છે. શિસ્તબદ્ધ, આયોજનથી ભરપૂરવ, લીલીછમ નગરી અને શાંતિપ્રિય વાતાવરણ પૈસા ખર્ચવાથી પણ મેળવી શકાતી નથી. એવી રચનાં ગાંધીનગરની છે જેમાં કોઈ પણ નાગરિકને વસવાટ કરવાનું ગમે છે. સંગીત સાહિત્ય કલા, શિક્ષણ, રોજગારીની તકો આ બધી બાબતોનો વિકાસ જોતાં ગુજરાત રાજ્યનાં પાટનગરમાં રહેવાનો લાહવો મળવો એ નસીબની વાત કહી શકાય. જૂનાં સેક્ટરો જેમાં ૧ થી ૩૦ સેક્ટરોનો સમાવેશ કરી શકાય અને નવું ગાંધીનગર જેમાં અગ્રતાક્રમવાળી વ્યવસ્થાથી ભરપૂર જીવનશૈલીનું આગવું પ્રદાન જોઈ શકાય છે. ગાંધીનગરમાં રહ્યાં એટલાં વર્ષોનો અનુભવ લખવો એનાં માટે મને અત્યારે જે લાહવો મળ્યો છે એમાં પણ શું લખું ? અને શું ના લખું ? એવાં વિચારો સાથે આ વિચારો ગાંધીનગરની તમને મુલાકાત કરાવી શકશે મારા શબ્દો થકી !

સાહિત્ય, સંગીત કલા વિવિધા
સાત્વાન પશુ પુરછ વિષણ હીન !!
ભતૃહરિ

રાજકીય નગર કહી શકાય, જ્યાં કલાક્ષેત્રે આગવું સ્થાન છે. પ્રચલિત સંસ્થાઓ શ્રી અરવિંદ કેન્દ્ર, લલિતકલા, કલરવ, સૂરમધુર જેવી સંસ્થાઓ દ્વારા કલાનું જ્ઞાન આપવામાં આવે છે. શિવરંજની, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, કલાગુર્જરી, સંસ્કૃતિ, થનગનાટ, પનઘટ જેવી જાહેર સંસ્થાઓ સંગીતના વિવિધ કાર્યક્રમોનું ઉત્કૃષ્ટ આયોજન કરે છે. ગાંધીનગર સાહિત્યસભા અને ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા માતૃભાષાનું જતન અને સંરક્ષણના અલગ અલગ આયોજનો ગાંધીનગરની સંસ્કૃતિને જીવંત રાખે છે. નગરની રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, જુસિકા, ઉદ્‌ગમ ટ્રસ્ટ, આત્મન ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ દ્વારા સકારાત્મક સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રવાહ વહેતો રહે છે. ઘણી બધી સંસ્થાઓ ગાંધીનગરમાં છે જે કોઈને કોઈ અંશે બાળકથી લઈને વૃદ્ધ સુધીના બધાં જ લોકોને આવરી લે એવી પ્રવૃત્તિઓ કરે છે અને નગરને તેની ઓળખથી વધારે નામનાં મળે એની જ તૈયારી અને તરવરાટમાં હોય છે.

અને છેલ્લે... મારાં ગાંધીનગરના નામમાં જ શાસ્ત્રીય સંગીતના ચાર સ્વરોનું દર્શન થાય છે, ગાં (ગ-ગાંધાર), ધી (ધ-ધૈવત), ન (નિ-નિખમ), ગ(ગ-ગાંધાર) ર (રે-રિષમ)

તો આવો ગાંધીનગરને અને તેની સંસ્કૃતિને સંગીતમય અને આત્મીયસભર રાખીએ.

**- પિનાકીન વ્યાસ**

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**(સંકલન : સુસ્મિતા ડામોર)**

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સહુ નારી શક્તિને હાર્દિક અભિનંદન...

પૃથ્વી પર ઈશ્વરને નિમંત્રણ આપે, નારી તું નારાયણી તારા થકી તો ઈશ્વર ઘરમાં આવે, નારી તું નારાયણી અજવાળાં સૂરજ અઢળક છો રેલાવે પણ ઘરમાં હો અંધારું તારા વિના તો સૂરજ પણ ના ફાવે, નારી તું નારાયણી નારી શક્તિ માટે લખતા લખતા તો શબ્દો પણ ખૂટી જાય. નારીનું વ્યક્તિત્વ અજબ છે. પહેલાં અબળા ગણાતી નારી હવે સબળા બની છે. દરેક દેશમાં મહિલાઓ એમના હક્કો માટે આજે જાગૃત બની છે. આપણા પુરાણોમાં નારીને નારાયણી કહી છે અને સતી તરીકે પૂજા પણ કરાય છે જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ છે એમ કહેવાય છે એમ છતાં પણ મહિલાઓએ વર્ષોથી ઘણો અન્યાય સહન કર્યો છે એ એક કડવી હકીકત છે. આજે વિજ્ઞાન, ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે. આમ છતાં સરકાર દ્વારા કન્યા કેળવણી અભિયાન, બેટી બચાવો અભિયાન, સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ જેવા પ્રયાસ આદરી નારીઓના ઉત્થાનમાં યોગદાન કરવામાં આવી રહ્યું છે. વર્તમાન સમયમાં અવકાશ સંશોધન અને રમત-ગમત જેવા ક્ષેત્રોમાં પણ મહિલાઓએ પોતાની ક્ષમતા પુરવાર કરી છે. આજે મહિલાઓ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધી રહી છે. મહિલાઓ તેમના સમગ્ર જીવન દરમ્યાન પોતાના પરિવાર માટે ખૂબ જ સંઘર્ષ કરે છે. ત્યારે ખરા અર્થમાં આ વિશ્વ મહિલા દિવસની ઉજવણી ક્યારથી શરૂ થઈ તે પણ જાણવા જેવી બાબત છે.

૧૯૦૮માં ૧૫,૦૦૦ મહિલાઓએ કામના ઓછા કલાકો, વધારે પગાર અને મતાધિકારની માંગણી સાથે ન્યૂયોર્ક સિટીમાં કૂચ કરી ત્યારે આ દિવસનું બીજ રોપાયું હતુ. એ દિવસને અમેરિકાની સમાજવાદી પાર્ટીએ એક વર્ષ પછી પહેલાં રાષ્ટ્રીય મહિલા દિવસની જાહેરાત કરી હતી. એ દિવસનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાનો આઈડિયા ક્લેરા ઝેટકિન નામનાં મહિલાનો હતો. ૧૯૧૦માં કોપનહેગનમાં યોજાયેલી નોકરિયાત મહિલાઓની એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ક્લેરાએ આ વિચાર રજૂ કર્યો હતો. એ કોન્ફરન્સમાં હાજર રહેલાં ૧૭ દેશોનાં ૧૦૦ મહિલાઓએ તે વિચારનો સર્વાનુમતે સ્વીકાર કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૭૫માં ઉજવણી શરૂ કરી ત્યારથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને સત્તાવાર સ્વરૂપ મળ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૯૬માં અપનાવેલી આ દિવસની સૌપ્રથમ થીમ હતી “અતીતનો ઉત્સવ, ભાવિનું આયોજન” જ્યારે આ વર્ષની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ ‘જેન્ડર ઈક્વાલિટી ટુડે ફોર સસ્ટેનેબલ ટુમોરો’ રાખવામાં આવેલ છે. ટકાઉ આવતીકાલ માટે આજે લિંગ સમાનતાની થીમ ઉપર વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે આજે શહેરની નારીશક્તિ આ સમાજ પાસે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે શું અપેક્ષાઓ રાખે છે અને તેમનો વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સમાજ માટે વિશ્વ માટે શું સંદેશો છે તે જાણવા માટે ગાંધીનગર સમાચાર તરફ શહેરની નારીશક્તિ સાથે સંવાદ કરીને નારી સંવેદના રજૂ કરવામાં આવી છે.



જો સમાજની દરેક વ્યક્તિ યાદ રાખે ‘યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, તત્ર રમન્તે દેવતા’ તો પરાશક્તિ સમાન સ્ત્રી શક્તિ માટે આવા આંતરરાષ્ટ્રીય દિન ઉજવવા ન પડે. બધા જ દિવસો ઉજવણી જેવા જ રહે. દિકરી-બહેનોમાં રહેલા ગુણો જેવા કે વાત્સલ્ય, કરૂણા, ચીવટ, ચોકસાઈ, સહનશીલતા, લજ્જા, દયા તેને અગ્રેસર રાખે છે. આ સમાજે તેનુ રક્ષણ, માન, મર્યાદા, લાજ જળવાય તેનુ વિચારવું પડે. પર સ્ત્રીને બહેન કે માતા સમાન ગણીએ અને ગૌરવ શાળા બનાવીએ. નિર્ભય રીતે સમાજમાં ફરી શકે તેવું વાતાવરણ ઉભુ કરીએ તો રોજે રોજ મહિલા દિવસ છે.

**- ગીરાબેન પટેલ**
**(મહિલા અગ્રણી)**

●●●

‘યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે, દેવતા :’ આ વિધાન આપણા સમાજમાં નારીનું કેટલું મહત્વ છે તે દર્શાવે છે. અશક્યને શક્ય બનાવવાની ક્ષમતા મહિલાઓમાં હોય છે. દરેક ક્ષેત્રે મહિલાઓએ અનેક શિખરો સર કર્યા છે. જેમાં તેમનો દબદબો જોવા મળે છે. તેમ છતાં સામાજીક સ્તરે જે સુધારો થવો જોઈએ તે કદાચ જોઈએ તેટલો શક્ય નથી બન્યો. આપણી પુરૂષ પ્રધાન માનસિકતા મહદ્‌અંશે તેનું કારણ હોઈ શકે ? મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે વ્યવસાયિક તેમજ રોજગારલક્ષી શિક્ષણનો વિકાસ કરી તેમને સુરક્ષિત વાતાવરણ પુરૂ પાડવું જોઈએ. બહેનોને ખાસ, સંદેશ એ આપું છું કે જે પણ ક્ષેત્રમાં તેઓ કાર્યરત હોય તે વિષયના આધુનિક પરિમાણોનો ગહન અભ્યાસ કરીને તેમજ તેમાં માહિર બનીને જરૂરી એવો આત્મવિશ્વાસ કેળવે, સમાજમાં પરિવર્તન લાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે.



**- આશા સરવૈયા**
**(આર્ટિસ્ટ, સામાજિક કાર્યકર)**

●●●



એક મહિલા તરીકે મારી અપેક્ષા છે કે સ્ત્રીને દેવી કે દાસીના રૂપમાં નહી પણ મનુષ્યના રૂપમાં સ્વીકાર થાય. આજે સમાજના સ્વીકૃત એવા તમામ ક્ષેત્રે મહિલાઓ પોતાની જાતને પ્રસ્થાપિત કરે છે. છતાં પણ આજની આધુનિક નારી ઘરેલુ હિંસા, અન્યાય, સામાજિક ભેદભાવનો ભોગ બને છે ત્યારે સમાજ નારીને સતત શારીરિક, માનસિક હિંસાના ડરથી મુક્ત કરે અને જેટલી જેન્ડર ઈક્વાલિટી કાગળ પર છે તેનાથી અનેક ગણી સમાજમાં સ્થપાય તેવા પ્રયત્નો કરે ત્યારે જ વુમન એમ્પાવરમેન્ટ થયું ગણાશે. આજની બહેનોને મારો એક જ સંદેશ છે ‘અત્તો દીપ ભવ’ તું જ તારો દીવો બનીને તારો પંથ ઉજાળ.

**- ડો. લીનાબેન સ્વાદિયા**
**(આસિસ્ટન્ટ પ્રોફેસર)**

●●●

શા માટે આ દિવસ મહિલાઓ જ ઉજવે ? મહિલાઓ સમાજનું અભિન્ન ઉંગ. ઘર-પરિવાર અને સમગ્રતયા મહિલાઓનું જે અમૂલ્ય પ્રદાન છે તેનો યોગ્ય સ્વીકાર કરી તેનું ગૌરવ પ્રદાન કરવું જોઈએ. મોટા ભાગની મહિલાઓ ક્યારેય તેમના અધિકારની પસંદગીની વાત નથી કરતી.



આ બાબતને તેમની નબળાઈ ન સમજવી જોઈએ. દરેક ઘર-પરિવાર-સમાજમાં મહિલાઓના દરજ્જાને વ્યવહાર કરવામાં આવે તેવું આપણે કરવું જોઈએ. સમાજમાં નાની દીકરીઓ સાથે બનતી દુરાચારી ઘટનાઓમાં દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ. દરેક મહિલાઓએ અન્ય સઘળા કામ જવાબદારીઓ વચ્ચે પણ પોતાના રસ-રૂચિ મુજબની પ્રવૃત્તિઓ માટે સમય ફાળવવો જોઈએ.

**- પ્રજ્ઞા પટેલ**
**(જાણીતા સાહિત્યકાર)**

●●●

મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સમાજે એક સમૃદ્ધ વાતાવરણ પુરૂ પાડવું જોઈએ. મહિલાઓની સુરક્ષા માટેની પૂરી વ્યવસ્થા, ઉત્તમ નોકરી અને વ્યવસાય માટે પૂરતી તક મળે, દીકરીઓના જન્મ સમયે તેમને કુટુંબમાં ખૂબજ ઉત્સાહપૂર્વક આવકારવામાં આવે, મહિલા અને પુરૂષ બંનેની સમાજમાં કૌટુંબિક, સામાજિક અને આર્થિક જવાબદારી સરખી હોય, દરેક મહિલાને વર્ષના દરેક દિવસે સન્માન મળે તેવી અપેક્ષા છે. સમાજના દરેક વ્યક્તિ મહિલાઓ માટે ઉત્તમ કાર્ય કરી તેમને સાથ આપી મહિલા દિવસ મનાવવાનું સાર્થક કરે.



**- પ્રો. વિણાબેન પટેલ**
**(ડીન, કડી સર્વ વિશ્વવિદ્યાલય)**

●●●

દરેક મહિલાએ પોતાના દીકરા દીકરીને નાનપણથી જ સમાન સંસ્કારો આપવા જોઈએ. કેમકે આજના



પુરૂષપ્રધાન સમાજમાં પુરૂષની માનસિકતા પાછળ ક્યાંકને ક્યાંક મહિલા જવાબદાર છે. મહિલા તરીકે મહિલાએ આગળ વધવું જોઈએ પરંતુ પોતાની નૈતિક જવાબદારીઓ પણ ભુલવી ન જોઈએ.

**- ગાર્ગી પસારી**

●●●

નારી ધરી સહલ વિશ્વ તણી અનન્ય નારી વડે મનુજ જાતિ સદૈવ ધન્ય. આ પંક્તિ મને ખૂબ જ ગમે છે. ગત મહિનાનાં કેટલાક પ્રસંગો આપણી નજર સમક્ષ તરવરે છે યુવતીઓની જાહેરમાં છેડતી તેમજ હત્યા જેવા પ્રસંગ કેટલા શરમજનક છે. સ્ત્રી જાગૃતિ શિક્ષિત સમાજ પુરતી મર્યાદિત છે. બાકી જે સમાજ આપણે જાણતાં નથી એ કઈ નાનો સુનો નથી બધી જગ્યાએ મહિલાઓની પરિસ્થિતિ આજે પણ દયાજનક છે. મહિલા દિને સાંપ્રત સમાજમાં બનતા આવા પ્રસંગો યાદ આવતા આંખોમાં તો વેદના જ છલકાય છે.



**- શર્મિષ્ઠા દવે**
**(પ્રમુખ, અ.ભા. નૈતિક સ્વાસ્થ્ય સંઘ)**

●●●



દરેક મહિલાને વધુમાં વધુ એજ્યુકેટ થવા અને આત્મનિર્ભર બનવાની સલાહ આપું છુ. ઘરની જવાબદારી પૂરી કરીને બહારની દુનિયામાં જવું જોઈએ જેથી તેમની આવડત, અનુભવનો સમાજને લાભ મળશે. દરેક મહિલામાં કોઈ ને કોઈ આવડત છુપાયેલી જ હોય છે તેને સમાજ માટે ઉપયોગી બનવું જોઈએ.

**- રીટા પટેલ**
**(પૂર્વ મેયર)**

●●●

વક્તાઓ પોતાના વક્તવ્યમાં અને લેખકો પોતાના લેખમાં નેતાઓ પોતાના સંબોધનમાં મહિલાઓ વિશે ઉચ્ચ વિશેષક સાથે જે કંઈ લખે છે તે ખરા અર્થમાં વાસ્તવિકતામાં પણ હોય તો સરસ અને લેખે લાગે. એક મહિલા તરીકે ચોક્કસ કહીશ કે મહિલાઓએ સમાજ પાસેથી અપેક્ષા રાખવા કરતા તે પોતે જ એવું કંઈક કરે જેને સમાજ સર આંખો પર ચડાવે. સ્વમાન અને સન્માન જાતે જ મેળવવાનું હોય માંગવાનું ના હોય !



**- પાર્થવી વર્મા**
**(સિનિયર જર્નાલિસ્ટ)**

●●●



આપણી ભારતીય સંસ્કૃતિ કે જે આપણી ધરોહર છે એને સાચવવાની તેમજ જાળવવાની ફરજ આપણી છે. તો દરેક માતા પોતાની દિકરીને આપણા ભારતીય સંસ્કારો, રીતી-રિવાજો, કલા-સાંસ્કૃતિક ઉત્સવોને પૂજનીય માને અને પાશ્ચાત્ય સંસ્કૃતિનાં ભોગે આપણી સંસ્કૃતિને લુપ્ત થતા અટકાવે. દરેક માતા પોતાના દિકરાને નારીને સન્માન આપવાની સમજ આપે તો સમાજમાં થતું મહિલાઓનું શોષણ થતું અટકશે. દિકરીઓને ભણાવીને પગભર બનાવીએ અને સમાજનું ઘડતર કરવા સક્ષમ બનાવીએ.

**- હેમા ભટ્ટ**
**(ભાજપા કોર્પોરેટર)**

●●●

સમાજ પાસે જ્યારે અપેક્ષા રાખવી હોય તો પહેલા મહિલાએ સુધરવું પડે. એની વિચારસરણી સુધારવી પડે જેમાં ઈર્ષ્યા, પછાડવાની વૃત્તિ, સહકાર નહી આપવાની માનસિકતા, અપમાન કરવાની પ્રાથમિકતા, મહિલાને સન્માન નહી આપવાની ટેવ આ બધી બાબતે સુધારો લાવવો જોઈએ. મહિલાઓ, દિકરીઓ પોતાનામાં રહેલી શક્તિને પિછાનો પુરૂષાર્થ કરતા રહો નવો ચિલો પાડશો તો નિંદા તો થવાની જ પણ થોડા સમયમાં એ જ તમને બિરદાવશે. કોઈપણ મુશ્કેલીમાં હિંમત ન હારશો. પોતાની જાત માટે સમય ફાળવો.



**- ઈલાબેન જોષી**

●●●



દરેક મહિલાને ભેદભાવ વગર માન અને સન્માન મળવા જોઈએ. તેમજ મહિલાઓના રક્ષણ માટે ઘડાયેલા કાયદાઓનું કડકપણે પાલન થવું જોઈએ. મહિલાઓ બધી રીતે સક્ષમ છે ચાલો આપણે આ અસ્તિત્વને ઓળખીએ અને ભવિષ્યની સિદ્ધિ માટે એક પગલું ભરીએ દુનિયાની તમામ મહિલાઓને સલામ...

**- વૈશાલી જોષી**
**(લાયન્સ ક્લબ ઓફ ફેમિના, પ્રેસિડન્ટ)**



નારી ગમે તેટલી આધુનિક કેમ ન હોય પરંતુ ઋજુતા, વાત્સલ્ય, ક્ષમા અને ગરીમામાં એ હજુ પણ સીતા અને અનસૂયા જેવી જ લાક્ષણિકતા ધરાવે છે. નારીને સમજનાર સાથ આપનાર અને સ્વાવલંબી બનાવનાર સમાજની જરૂર છે. જો ફરીથી નારીને પ્રાચીન આર્યાવર્તમાં મળતું હતું એ સન્માન અને સ્નેહ સંપૂર્ણપણે મળે તો ફરીથી ‘યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ’ ના ન્યાય ભારતને દેવભૂમિનો દરજ્જો હાંસલ કરતાં વાર નહી લાગે. નારીએ પણ પોતાનો પુરૂષાર્થ જારી રાખવો અનિવાર્ય છે.

**- ડો. મમતા બુચ**

● ● ●

"સમાજ અને દરેક પરિવારના ઉજ્જવળ ભવિષ્ય માટે મહિલા સશક્તિકરણ ખૂબ જ જરૂરી છે તેના માટે સૌપ્રથમ દહેજપ્રથા સમાનતા અને નિરક્ષરતા દૂર કરવી જોઈએ સમાજમાં સ્ત્રી અને પુરુષ બંનેને સમાન દરજ્જો આપવો જોઈએ.



વિકસિત દેશોની હરોળમાં જવા માતે પરોક્ષ કે પ્રત્યક્ષ રૂપે મહિલાઓનો અનન્ય ફાળો ખુબજ જરૂરી છે અને આપણે નકારી શકે નહી. મહિલાઓ આગળ વધીને પુરૂષના ખભા સાથે ખભો મેળવી અને સમાજમાં પોતાનું પોતાના પરિવારનું તેમજ દેશનું નામ રોશન કરે.
"નારી શક્તિ હૈ સન્માન દે, નારી ગૌરવ હૈ અભિમાન હૈ.
નારી ને હી રચા યે વિધાન હૈ, નતમસ્તક ઈસકો પ્રણામ હૈ."

**- સોનાલી પટેલ**

● ● ●



તેના વ્યક્ત્વિ ના અલગપણા ને, મત ને, વિચારો ને સમાજ સ્વીકૃતિ આપે...દંભ ને કાજે દમન કરવામાં ના આવે...સુરક્ષા મહિલા નો હક્ક છે જે એને મળવો જ જોઈએ.આપણું પોતાનું આદર , સન્માન જાળવવાની જવાબદારી આપણી પોતાની જ છે...સમય,સંજોગ જોઈ વિવેક બુદ્ધિપૂર્વક જીવન જીવીશું તો પોતાની શક્તિ, સામર્થ્ય ને સફળતા માં બદલી શકીશું. આજના સમય માં સ્ત્રી ની હકારાત્મક ભૂમિકા ની આવશ્યકતા છે. સ્ત્રી મૃદુતા સાથે સાહસિકતા નો સમન્વય સાધી તમામ રીતે સ્વનિર્ભર બને, અન્ય ને પણ મદદરૂપ થઈ શક્તિસ્વરૂપા બને એજ કામના..

**- મમતા રાવલ**

● ● ●

હું ફિટનેસ ઈન્ડસ્ટ્રીમાં હોવાથી, મેં ઘણી સ્ત્રીઓને મજબૂત થતી જોઈ છે અને પોતાનામાં વિશ્વાસ રાખ્યો છે!પરંતુ હજુ પણ એવી ઘણી સ્ત્રીઓ છે જેમની ટીકા થાય છે કે ખૂબ જ પાતળી, વધુ પડતી ચરબી, ખૂબ જ ખરાબ દેખાવ અને તેમની પસંદગી મુજબ કરવાની સ્વતંત્રતા નથી... હું સમાજ પાસેથી અપેક્ષા રાખું છું કે મહિલાઓની કોઈપણ સ્વરૂપે ટીકા ન થવી જોઈએ.



હું સલાહ આપીશ કે તમારા માટે સમય કાઢો, વ્યાયામ કરો, સારું ખાઓ, તમને જે લાગે તે કરો, આરામ કરો અને જીવનને સંતુલિત કરો...સમાજ શું કરશે તેના પર હંમેશા ધ્યાન કેન્દ્રિત ન કરો. કહો....તમે વિચારો છો તેના કરતા વધુ મજબૂત છો....

**- રીની ખંભોળજા**

● ● ●



મહિલાઓને માન સન્માન અને પ્રેમ મળે , મહિલાઓ ને દરેક ક્ષેત્રે પ્રગતિમાં કોઈ અડચણ રૂપ ના થાય , ઉડાન જાતે ઉડી શકે, પગભર થઈ શકે,દરેક સ્ત્રીને કોઈ જ પ્રતિબંધ ના હોય, એક સ્ત્રી તરીકે કોઈ વાદવિવાદ ના હોય , સ્ત્રી ની પ્રગતિ માં દરેક નો સાથ સહકાર મળી રહે ,તેમાં કોઈ અડચણ ના બને.... અને મહિલા દિન નિમિત્તે મારો તમામ મહિલા ને એટલો જ સંદેશો છે તે ખૂબ જ ખંતથી મહેનત થી આગળ વધતા રહેવું જોઈએ, મહેનત કરવાથી જ બધું પ્રાપ્ત થાય છે મહેનત કરતા રહેવું જોઈએ દુનિયાની પરવા કર્યા વગર લોકો તો ગમે તે બોલ્યા કરે લોકોની પરવા કર્યા વગર આપણે આપના લક્ષ્ય તરફ ધ્યાન આપવું જોઈએ, એક સ્ત્રી માટે લક્ષ્યને પ્રાપ્ત કરવું તે ખુબજ અઘરી વાત છે

**- છાયા ત્રિવેદી**
**(એડવોકેટ,ભાજપા કોર્પોરેટર વોર્ડ-૮)**

● ● ●

વર્ષોથી ચાલી આવતી ઘરેડને પોતાનું જીવન માનીને, એમાં જ જીવનનો સાર સમજનાર સ્ત્રીઓ માટે ક્યારેક દુઃખ થાય કે એ બધા પણ પોતાની આસપાસ વિકસેલા ફલક ને જુએ અને માણે. સ્ત્રી અને પુરુષ બે માંથી કોણ ચડિયાતું? એ નાહક ચર્ચાને ભૂલીને એ સત્ય સ્વીકારવું રહ્યું કે બંનેના અસ્તિત્વ માટે બંને એ એકબીજાના પૂરક બનવું જ પડશે. જે દિવસે નોકરીએથી થાકીને આવેલી સ્ત્રીને ઘરનો પુરુષ ચાનો પ્યાલો ધરશે અને પુરુષના આ કામને સહજ ગણાશે એ દિવસ ખરા અર્થમાં સ્ત્રીના સન્માનનો દિવસ ગણાશે. એક સ્ત્રી તરીકે કોઈ પણ બીજી સ્ત્રીનું



હું સન્માન કરું અને એની દરેક ખૂબીને હમેશા એની ખામીઓ કરતાં આગળ રાખું તો મારો સ્ત્રી અવતાર સફળ થયો ગણાશે.

**- ડો.નયના રંગવાલ**
**(આસિસ્ટન્ટ પ્રોફેસર, કડી સર્વ વિશ્વ વિદ્યાલય)**

● ● ●



સમાજમાં હજુ પણ ઘણી જગ્યાએ આદર સત્કાર તો ઠીક પણ પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરતી નારી જોવા મળે છે. પ્રવર્તમાન સમયમાં હજુ પણ સ્ત્રી પર બંધનો છે. ક્યાં સુધી ? ક્યાં સુધી સ્ત્રી ને એક બાપડી બિચારી થઈ ને રહેવું પડશે.

એક મહિલા તરીકે સમાજ પાસે અપેક્ષા છે કે " નારી તું નારાયણી" અને " નાર્યસ્તુ પુજ્યંતે" જેવી ઉકિતને સાર્થક કરવા કરતાં સ્ત્રીને સન્માનથી રહેવા મળે તે ઘણું છે. આ દિવસે મહિલા સન્માન થાય છે તે સારી બાબત છે. પરંતુ સમાજમાં ફક્ત એક દિવસ પૂરતું સીમિત ન રહેવું જોઈએ, તે કરતાં કાયમી એક મહિલા ને કંઈક કરી છૂટવાની સમાજમાં જગ્યા આપવી જોઈએ.

**- હર્ષાબા ધાધલ**

● ● ●

ભારતની દરેક મહિલા શિક્ષિત બને, આત્મનિર્ભર બને, સ્વરક્ષણ માટે જાગૃત બને તેમજ સામાજિક અને રાષ્ટ્રીય નિર્માણમાં સહભાગી બને અને સારા સમાજનું નિર્માણ કરે...



ભારત દેશની દરેક નારી સમાજમાં સુરક્ષા, સન્માન અને સ્વાભિમાન સાથે જીવન જીવી શકે, મહિલા અત્યાચાર, દહેજપ્રથા, ઘરેલુહિંસા જેવી ઘટનાઓ બંધ થવી જોઈએ.

**ડો. રમીલાબેન પટેલ**
**સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ**

● ● ●



સમાજ પાસેથી એટલી આશા એક સ્ત્રી તરીકે હું રાખું છું કે..દરેક ઘરમાં,દરેક વર્ગમાં..એક ગૃહિણી કે પછી કોઈપણ કાર્યક્ષેત્ર માં કાર્ય કરતી સ્ત્રી હોય..એનું સન્માન હંમેશા જળવાઈ રહે..પેહલા કરતા અત્યારે પરિસ્થિતિ ઘણી સુધરી છે..સ્ત્રી ઘણા ક્ષેત્રો માં આગળ છે..પોતાની રીતે પોતાની કેડી કંડારી રહી છે..જ્યારે એ કઈક કરી બતાવવા માગતી હોય .પોતાની ઓળખ ઊભી કરવા માગતી હોય ..પગભર થવા પ્રયત્ન કરી રહી હોય..ત્યારે એને પૂરેપૂરો સાથ સહકાર આપજો ...સ્ત્રી માં ઘણી શક્તિઓ છુપાયેલી છે. .. એ શક્તિ ને વિકસવાની તક મળતી રહે...એની પાંખો ફેલાવવા ખુલ્લું આકાશ મળી રહે...

**- આરતી ભટ્ટ**

● ● ●

મહિલા સશક્તિકરણ માટે આજ કાલ સમાજ જાગૃત થયો છે.તેમ છતાં મહિલાને પુરુષ સમોવડી ગણવા સર્વાંગી સહાયની જરૂર છે. મહિલાઓ પણ આર્થિક રીતે કુટુંબ માં અને સમાજ માં પોતાની સ્વશકિત મુજબ યોગદાન આપી રહી છે.તો આજના મહિલા દિવસ નિમત્તે હું એજ સંદેશો આપવા માંગુ છું કે દરેક મહિલા કોઈ ને કોઈ કળા માં પારંગત થઈ એ કળાનો અર્થોપાજન માં યથાયોગ્ય ઉપયોગ કરી પોતાના પરિવાર ની ઈમારત ને જળહળવા સક્ષમ બની શકે.



**- ખુશ્બુ શુક્લ**

● ● ●



હું સમાજના દરેક નાગરિકને કહીશ કે તમારા ઘરમાં જન્મેલી કે પ્રવેશેલી દરેક સ્ત્રીનો જોઈતો આધાર બનો, એને અવરોધતા પથ્થર બનવાને બદલે એને સફળતા સુધી લઈ જતી સીડીનું પગથિયું બનો. આપણે ઘરમાં સ્ત્રીઓ માટેના કાયદા કાનૂન ઘણાય બનાવી લીધા હવે સમય આવી ગયો છે ઘરના પુરુષ માટે કેટલાક નિયમ ઘડવાનો. સ્ત્રીઓ પુરુષો કરતાં કોઈ વાતે ચઢિયાતી નથી અને એ જ રીતે ઉતરતી પણ નથી! જો દરેક સ્ત્રી નક્કી કરી લે કે એના ઘરનો એક પણ પુરુષ ક્યારેય કોઈ સ્ત્રીનું અપમાન નહીં કરે ત્યારે આ સમાજ ચોક્કસ બદલાશે.

**- નિયતી કાપડીયા**

● ● ●

સમગ્ર વિશ્વમાં ૮મી માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આપને એ વાત જાણીને નવાઈ લાગશે કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઈ.સ. ૧૯૧૧ થી ઊજવવાની શરુઆત થયેલ. ઈ.સ. ૨૦૦૦ થી અફઘાનિસ્તાન, આર્મેનીયા, ઐઝરબઝાન, બેલારસ, કમ્બોડીયા, ચીન, જયોર્જીયા, કઝાકસ્તાન, યુગાન?ડા, ઉઝવેસ્તાન વગેરે દેશોમાં તો આંતરરાષ્ટ્રીય મહિલાને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે અને તે દિવસે જાહેર રજા રાખી મહિલાઓને માન-સન્માન આપી તેઓની આગવી પ્રતિભાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.



**- ગીતાબા ચૌહાણ**